# વારંવાર પુછાતા પ્રશ્નો (Frequently Asked Questions, FAQs)

## Title VI શું છે?

1964ના નાગરિક અધિકાર અધિનિયમ (Civil Rights Act)નું Title VI એક સંઘીય વિનિયમ છે જે સંઘીય સહાય મેળવનારા કાર્યક્રમો, સેવાઓ અથવા પ્રવૃત્તિઓમાં જાતિ, રંગ અથવા રાષ્ટ્રીય મૂળના આધારે ભેદભાવ સામે લોકોનું રક્ષણ કરે છે.

## Title VI હેઠળ કોણ રક્ષિત છે?

SamTransની સેવાઓની પહોંચ પ્રાપ્ત કરનારી સવારીઓ અને ગ્રાહકો Title VI હેઠળ રક્ષિત છે. SamTrans, Title VI હેઠળ તેની નિયમનકારી જરૂરિયાતો પૂરી કરવા અને ઓછી આવક વાળા, અશ્વેત લોકો અને અંગ્રેજીમાં મર્યાદિત નિપુણતા ધરાવતી વ્યક્તિઓ માટે તેની સેવાઓ અને પ્રવૃત્તિઓની અર્થપૂર્ણ પહોંચ સુનિશ્ચિત કરવા કટિબદ્ધ છે. Title VI યુનાઇટેડ સ્ટેટ્સમાં દરેક વ્યક્તિનું રક્ષણ કરે છે, ભલે તે યુ.એસ.ની નાગરિક હોય કે ન હોય.

## SamTrans રાઇડર્સ અને સમુદાયોને Title VI કેવી રીતે લાભાંવિત કરે છે?

SamTrans તેના ગ્રાહકોને તેમની પ્રાથમિક ભાષામાં અર્થપૂર્ણ સહાય પૂરી પાડે છે. બહુવિધ ભાષાઓમાં સહાયની વિનંતી કરવા માટે ગ્રાહકો 1-800-660-4287 પર ફોન કરી શકે છે.

SamTransની મિટિંગ્સમાં પણ મફત ભાષા સહાય મળે છે.

જો દુભાષિયાકામ અથવા લિખિત સામગ્રીઓ માટે વિનંતી કરતા હો, તો કૃપા કરીને કાર્યક્રમના ઓછામાં ઓછા 72 કલાક પહેલાં TitleVI@samtrans.comનો સંપર્ક કરો.